દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૧૭ ડિસેમ્બર, ૨૦૨૫

# ટ્રમ્પના ટેરિફ અમેરિકી પ્રજાને પણ નડવા માંડ્યા છે

ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઇટ હાઉસમાં પાછા ફર્યા છે ત્યારથી કેટલીક બાબતો પર મચી પડ્યા છે અને તેમાંની એક સૌથી ચર્ચિત અને વિશ્વના સંખ્યાબંધ દેશોને અસર કરનાર બાબત ટેરિફ છે. અમેરિકા સાથે ઘણા દેશોએ વર્ષો સુધી આયાત જકાતની બાબતમાં છેતરપિંડી કરી છે એવી બૂમરાણ મચાવીને કે પછી અન્ય બહાનાઓ હેઠળ ભારત સહિતના અનેક દેશો પર આકરા ટેરિફ એટલે કે આયાત વેરાઓ લાદી દીધા છે. ભારત પર વેરાની અસમતુલાના કારણ ઉપરાંત રશિયા પાસેથી ઓઇલ ખરીદવા બદલની સજા જેવું કારણ આપીને આકરા ટેરિફ ઝિંક્યા છે. આ ટેરિફને કારણે જે-તે દેશોએ અમેરિકામાં પોતાની નિકાસ થતી વસ્તુઓ પર ઉંચા વેરા ચુકવવા પડે છે. પરિણામે તે દેશોની વસ્તુઓ અમેરિકામાં મોંઘી બને છે અને તે દેશોની વસ્તુઓની અમેરિકામાં માગ પણ ઘટી શકે છે. પરંતુ આ વેરા અમેરિકન પ્રજાને પણ ધારણા મુજબ જ નડવા માંડ્યા છે. હાલમાં બહાર પડેલા એક અહેવાલ મુજબ આયાતી વસ્તુઓ મોંઘી થવાથી કે આયાતી કાચો માલ મોંઘો થવાથી અમેરિકામાં અનેક વસ્તુઓ મોંઘી થઇ ગઇ છે અને તેને પરિણામે અમેરિકી કુટુંબોનો ઘરખર્ચ પણ વધી ગયો છે.

કોંગ્રેસની સંયુક્ત આર્થિક સમિતિના ડેમોક્રેટ્સ દ્વારા ગણતરી મુજબ, આ વર્ષે ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઇટ હાઉસમાં પાછા ફર્યા ત્યારથી આયાત પરના ભારે કરવેરાને કારણે સરેરાશ અમેરિકન પરિવારને લગભગ ૧,૨૦૦ ડોલરનો ખર્ચ વધ્યો છે. ટેરિફમાંથી થતી આવક પર ટ્રેઝરી વિભાગના આંકડા અને ગોલ્ડમેન સેશના અંદાજનો ઉપયોગ કરીને, ગુરુવારે ડેમોક્રેટ્સનો અહેવાલ ફેબ્રુઆરીથી નવેમ્બર દરમિયાન બિલમાં અમેરિકન ગ્રાહકોનો હિસ્સો લગભગ ૧૫૯ અબજ ડોલર - અથવા પ્રતિ ઘર ૧,૧૯૮ ડોલર - થયો છે. આ અહેવાલ દર્શાવે છે કે ટ્રમ્પના ટેરિફથી પરિવારો માટે કિંમતો વધુ ઉંચી થઈ છે. યેલ યુનિવર્સિટીની બજેટ લેબ અનુસાર, વર્ષની શરૂઆતમાં સરેરાશ અમેરિકી ટેરિફ 2.4 ટકાથી વધીને 16.8 ટકા થયો છે, જે 1935 પછીનો સૌથી વધુ છે.

એ પણ કઠોર વાસ્તવિકતા છે કે આ કર આયાતકારો દ્વારા ચૂકવવામાં આવે છે જેઓ સામાન્ય રીતે તેમનો વેરાનો વધેલો ખર્ચ તેમના ગ્રાહકોને પાસ-ઓન કરે છે જેથી વસ્તુઓ મોંઘી બને છે. આનો રોષ પણ પ્રજામાં દેખાવા માંડ્યો છે. ગયા મહિને વર્જિનિયા, ન્યુ જર્સી અને અન્યત્ર ચૂંટણીઓમાં ડેમોક્રેટ્સે સારો દેખાવ કર્યો હતો કારણ કે મતદારો ટ્રમ્પ અને રિપબ્લિકનને જીવનનિર્વાહના ઊંચા ખર્ચ માટે દોષી ઠેરવે છે. UCLA સ્કૂલ ઓફ લો અને પીટરસન ઇન્સ્ટિટ્યૂટ ફોર ઇન્ટરનેશનલ ઇકોનોમિક્સના અર્થશાસ્ત્રી કિમ્બર્લી ક્લોઝિંગે ગયા અઠવાડિયે હાઉસ સબકમિટીને જણાવ્યું હતું કે ટ્રમ્પના ટેરિફ એક પેઢીમાં અમેરિકન ગ્રાહકો પર સૌથી મોટો કર વધારો છે, જે તમામ અમેરિકનોના જીવનધોરણને ઘટાડે છે. બાયડેન વહીવટમાં ટ્રેઝરી વિભાગના કર અધિકારી ક્લોઝિંગે ગણતરી કરી છે કે ટ્રમ્પના આયાત કર સરેરાશ ઘર માટે લગભગ 1,700 ડોલરના વાર્ષિક કર વધારા સમાન છે. અમેરિકા અનેક વસ્તુઓ અને ઘરઆંગણે ઉત્પાદિત થતી અનેક વસ્તુઓ માટેનો કાચો માલ વિદેશોથી આયાત કરે છે તેથી આયાત વેરા વધવાથી ફુગાવા પર અસર થાય તે સ્વાભાવિક છે.

## જીવન શું છે



એક ગામમાં એક સિધ્ધ સાધુ પધાર્યા, બધા સાધુ મહારાજના દર્શન કરવા માટે જવા લાગ્યા. બધા સાધુને પોતાના મનના પ્રશ્નો પૂછતા અને સાધુ પોતાના જ્ઞાન દ્વારા તે પ્રશ્નોના જવાબ આપતા. એક માણસ સાધુ પાસે ગયો અને તેમને પ્રણામ કરીને પૂછવા લાગ્યો, ‘ સાધુબાબા, મારા મનમાં એક પ્રશ્ન છે, કે આ જીવન શું છે?’ સાધુબાબાએ કહ્યું, ‘તારો પ્રશ્ન ગહન છે, હું તને સમજાવવાની કોશિશ કરું છું... સુંથી પહેલા કહે, ‘ તારી ઉંમર કેટલી છે?’ માણસે કહ્યું, ‘35 વર્ષ’ સાધુબાબાએ આગળ પૂછ્યું, ‘હું માતા-પિતા છે?’ માણસે કહ્યું, ‘હા’ સાધુબાબા એ પૂછ્યું, ‘ શું નામ છે?’ માણસે માતા-પિતાના નામ કહ્યા પછી સાધુબાબાએ પૂછ્યું, ‘ તારા લગ્ન થઈ ગયા છે? માણસે કહ્યું, ‘ હા, બે દીકરા પણ છે.’ સાધુ બાબાના આ બધા પ્રશ્નો સાંભળીને માણસ કંટાળ્યો. તેણે કહ્યું, ‘બાબા આ બધા પ્રશ્નોનું મારા પ્રશ્નના જવાબ સાથે શું લાગે વળગે? બધાના જીવનમાં પરિવાર માતા-પિતા પત્ની બાળકો હોય છે. મારે જાણવું છે જીવન શું છે?’ બાબાએ કહ્યું, ‘જીવન શું છે એ જ સમજવું છું.’ માણસ ચૂપ થઈ ગયો. થોડીવાર રહીને સાધુબાબા બોલ્યા, ‘તારા પ્રથમ પુત્રનો જન્મ ક્યારે થયો હતો?’ માણસે

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

કહ્યું, ‘ત્રણ વર્ષ પહેલાં તેનો જન્મ થયો હતો.’ સાધુબાબાએ કહ્યું, ‘ તે જનમ્યો તે ઘડીએ તેનું નામ શું હતું?’ માણસે કહ્યું, ‘બાબા, કેવી વાત કરો છો તેનો જન્મ થયો પછી તેનું બારમા દિવસે નામ પાડવામાં આવ્યું -મોહન..’ સાધુબાબાએ કહ્યું, ‘પહેલી વાત સમજ ...જ્યારે નાના બાળકનો જન્મ થાય છે ત્યારે તે શ્વાસ લેતો જીવ હોય છે પણ તેનું કોઈ નામ નથી હોતું બરાબર ને... તેને નામની ઓળખ તેના માતા પિતા દ્વારા મળે છે.’ માણસે કહ્યું, ‘હા બધાના જીવનમાં તેમ જ થાય.’ સાધુબાબાએ પૂછ્યું, ‘ તારા ઘરમાં છેલ્લું મૃત્યુ કોનું થયું હતું? માણસે કહ્યું, ‘આજથી સાત વર્ષ પહેલા મારા દાદા મૃત્યુ પામ્યા હતા.’ સાધુ બાબાએ કહ્યું, ‘તારા દાદા મૃત્યુ પામ્યા ત્યારે તેમની ખ્યાતિ કેવી અને કેટલી હતી? તેમના બેસણામાં કેટલું માણસ આવ્યું હતું?’ માણસે ગર્વથી કહ્યું, ‘ મારા દાદા તો નગરભરમાં પ્રખ્યાત હતા. તેમના બેસણામાં ઘણું માણસ આવ્યું હતું. રાઠોડશેઠ તરીકે તેઓ પ્રખ્યાત હતા.’ સાધુબાબાએ કહ્યું, ‘હવે બીજી વાત સમજ ... જીવ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે તેનું નામ હોય છે પણ તેના શરીરમાં શ્વાસ નથી હોતા. જન્મ સમયે શ્વાસ હોય છે પણ નામ નથી હોતું અને મૃત્યુ સમયે નામ હોય છે પણ શ્વાસ નથી હોતા. નામ અને શ્વાસ વચ્ચેની જે દોડાભાગી છે... આ નામ અને શ્વાસ વચ્ચે જે ઉતાર ચઢાવ છે... તેનું નામ જીવન છે. આ નામ અને શ્વાસ વચ્ચેની યાત્રા એ જીવન છે.’ સાધુબાબાએ જીવન એટલે શું સરળતાથી સમજાવ્યું.

# મોદીએ નીતિન નબીનને ભાજપના આગામી રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે કેમ પસંદ કર્યા?

**નવીનને યુવાનોને સંગઠિત કરવાનો, પક્ષના કાર્યકરોનું સંચાલન કરવાનો અને વિચારધારાને જમીની સ્તરે કાર્યમાં રૂપાંતરિત કરવાનો પ્રત્યક્ષ અનુભવ મળ્યો છે**

**ફિંગર પ્રિન્ટ**
**શેખર ઐયર**

નરેન્દ્ર મોદી તેમના મંત્રીઓ, મુખ્યમંત્રીઓની ટીમ પસંદ કરતી વખતે આશ્ચર્યચકિત કરવા માટે જાણીતા છે કે, બિહારના મંત્રી નીતિન નબીનની ભાજપના આગામી કાર્યકારી રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની પસંદગી પણ આવો જ સૌથી આશ્ચર્યજનક નિર્ણય છે. તેઓ ફક્ત 45 વર્ષના છે. નીતિન ગડકરી પણ 52 વર્ષના હતા જ્યારે તેઓ પાર્ટીના અધ્યક્ષ બન્યા હતા. નબીન ભાજપના અત્યાર સુધીના સૌથી યુવા અધ્યક્ષ છે. મોદી એ બતાવવા માંગે છે કે પક્ષ નેતૃત્વ, ઉત્તરાધિકાર અને સંગઠનાત્મક સાતત્યને કેવી રીતે જુએ છે. નબીનની પસંદગી કરીને મોદીએ માત્ર નેતૃત્વમાં પેઢીગત પરિવર્તનનો સંકેત આપ્યો નથી, પરંતુ 2029માં આગામી લોકસભા ચૂંટણીનો સામનો કરવા માટે તેઓ પક્ષ અને તેમની સરકારને પણ કેવી રીતે રી-ઓર્ગેનાઇઝ કરવાની યોજના ધરાવે છે તે પણ દર્શાવ્યું છે.

નબીન પક્ષના અન્ય અધ્યક્ષોમાં અલગ દેખાય છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે ૮૩ વર્ષના છે, એનસીપીના અધ્યક્ષ શરદ પવાર ૮૫ વર્ષના છે, તૃણમૂલ કોંગ્રેસનાં અધ્યક્ષ મમતા બેનર્જી ૭૦ વર્ષનાં છે, ડીએમકે નેતા એમકે સ્ટાલિન ૭૨ વર્ષના છે, બસપાનાં માયાવતી ૬૯ વર્ષનાં છે, સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ ૫૨ વર્ષના છે અને નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લા ૫૫ વર્ષના છે. વરિષ્ઠ નેતાઓની હાજરી હંમેશાં પક્ષોમાં નેતૃત્વ પરિવર્તનને મંજૂરી આપવા અને યુવા પેઢીને આગળ વધવા દેવા માટે વ્યાપક અનિચ્છા દર્શાવે છે. ભાજપની આ પસંદગી પ્રતીકાત્મક યુવાવસ્થા અને એક વૈકલ્પિક નેતૃત્વ ફિલસૂફી તરીકે સામે આવે છે. આ જાહેરાત સાથે ભાજપમાં તેની રાષ્ટ્રીય ટીમમાં પરિવર્તન જોવા મળે તેવી શક્યતા છે, જેમાં ઔપચારિક રાષ્ટ્રપતિની ચૂંટણી પછી નવા મહાસચિવો, સચિવો અને મોરચા પ્રભારીઓની નિમણૂક કરવામાં આવશે.

પરંતુ મોદીએ નીતિન નબીનને જ શા માટે પસંદ કર્યા? તેઓ કરિશ્મા, વંશ કે ખાનદાન દ્વારા આગળ આવેલા નથી. તેઓ ચૂંટણીની સહનશક્તિ અને વહીવટી જવાબદારી દ્વારા આકાર પામેલા નેતા છે. ધારાસભ્ય રહેલા નબીનની કારકિર્દીની વારંવાર ચૂંટણીમાં કસોટી થઈ છે - આ એક એવી સિદ્ધિ જે તેમના ઉદયને કાયદેસરની લોકશાહી આપે છે. બિહાર સરકારમાં મંત્રી તરીકેના તેમના અનેક કાર્યકાળ શાસન, નીતિ અમલીકરણ અને રાજકીય વાટાઘાટોમાં વ્યવહારુ અનુભવને

> **નબીન પક્ષના અન્ય અધ્યક્ષોમાં અલગ દેખાય છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે ૮૩ વર્ષના છે, એનસીપીના અધ્યક્ષ શરદ પવાર ૮૫ વર્ષના છે, તૃણમૂલ કોંગ્રેસનાં અધ્યક્ષ મમતા બેનર્જી ૭૦ વર્ષનાં છે, ડીએમકે નેતા એમકે સ્ટાલિન ૭૨ વર્ષના છે, બસપાનાં માયાવતી ૬૯ વર્ષનાં છે, સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ ૫૨ વર્ષના છે અને નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લા ૫૫ વર્ષના છે**

પ્રદર્શિત કરે છે. એમની પાસે ઊંડી સંગઠનાત્મક પકડ છે. બે દાયકાથી વધુ સમય સુધી પાર્ટીમાં સક્રિય રહેવાને કારણે નબીન ભાજપની કેડર-આધારિત નેતૃત્વ પાઈપલાઈનનું જીવતું-જાગતું ઉદાહરણ છે.

ભારતીય જનતા યુવા મોરચા દ્વારા તેમની યાત્રા, જેમાં બિહારના અધ્યક્ષ તરીકે સેવા આપવાનો સમાવેશ થાય છે, તેમને યુવાનોને સંગઠિત કરવાનો, પક્ષના કાર્યકરોનું સંચાલન કરવાનો અને વિચારધારાને જમીની સ્તરે કાર્યમાં રૂપાંતરિત કરવાનો પ્રત્યક્ષ અનુભવ મળ્યો છે. છત્તીસગઢમાં ચૂંટણી પ્રભારી તરીકેની તેમની ભૂમિકાએ તેમના અનુભવને રાજ્યની સીમાઓથી આગળ વધાર્યો, જેનાથી તેમને વિવિધ રાજકીય ભૂપ્રદેશ અને ચૂંટણી વ્યૂહરચનાઓનો પરિચય થયો. ત્રણ પરિબળો તેમના પક્ષમાં હોવાનું કહેવાય છે. પક્ષના સંગઠન અને જમીની સ્તરના ચૂંટણી કાર્ય પર તેમની પકડ. બીજું - નેતૃત્વની કાર્યપદ્ધતિ સાથે તેમનું જોડાણ અને ત્રીજું - પડકારજનક રાજકીય કાર્યો પૂર્ણ કરવાની તેમની ક્ષમતા.

મોદીએ છત્તીસગઢ વિધાનસભા ચૂંટણીમાં સૌ પ્રથમ તેમના કાર્યની નોંધ લીધી. તેમના અસાધારણ કાર્યને જોઈને અમિત શાહે તેમને ભાજપના દિલ્હી પ્રચારનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બનાવ્યા, જેના કારણે આ વર્ષની શરૂઆતમાં પાર્ટી રાજધાનીમાં સત્તામાં આવી. પાર્ટીનાં આંતરિક સૂત્રો કહે છે કે, નબીનની સંગઠનાત્મક કુશળતા ખાસ કરીને છત્તીસગઢ પ્રચાર દરમિયાન સ્પષ્ટ થઈ હતી, જ્યાં તેમણે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા સાથે ચૂંટણી સહ-પ્રભારી તરીકે સેવા આપી હતી. પાર્ટીના એક સૂત્રના જણાવ્યા અનુસાર, મોદીને લાગ્યું કે નબીન નેતૃત્વની કાર્યશૈલીને સમજે છે અને તે મર્યાદા ઓળંગશે નહીં, પરંતુ તેમની પૂરી ક્ષમતાઓથી કાર્ય કરશે. ઉપરાંત, તેઓ સારી રીતે મુસાફરી કરે છે અને પડકારો પ્રત્યેના તેમના અભિગમમાં દરેકને, ખાસ કરીને વરિષ્ઠોને સામેલ કરે છે.

સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, તેઓ કાયસ્થ સમુદાયમાંથી આવે છે, એક ઉચ્ચ જાતિ સમુદાય છે, જેને ઘણી વાર રાજકીય રીતે તટસ્થ માનવામાં આવે છે અને અન્ય સમુદાયો સાથે સીધા સંઘર્ષમાં નથી આવતા. હારમાં તેમની ભૂમિકાએ પક્ષમાં તેમની સ્થિતિને વધુ મજબૂત બનાવી. ટોચના નેતાઓના મતે, નબીનને જીવિકા દીદી નેટવર્કને ગતિશીલ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું, જે કાર્ય તેમણે સફળતાપૂર્વક સંભાળ્યું હતું. તો મુખ્ય એનડીએ સંકલન બેઠકોમાં પણ સામેલ હતા, જેણે જમીની સ્તરે ગઠબંધન એકતા દર્શાવી હતી. મોદીએ જોયું કે, નબીન નવી ભૂમિકામાં રાજકીય અનુભવ અને વહીવટી કુશળતા લાવે છે. તેઓ બિહાર અને પૂર્વી ભારતના પ્રથમ ભાજપ કાર્યકારી અધ્યક્ષ પણ છે, જે ટોચ પર પ્રાદેશિક પ્રતિનિધિત્વને વિસ્તૃત કરવાના પક્ષના પ્રયાસોને રેખાંકિત કરે છે. નબીનને જાન્યુઆરી 2026માં ઔપચારિક રીતે અધ્યક્ષ ચૂંટવામાં આવે તેવી અપેક્ષા છે. પક્ષ એપ્રિલમાં તેની રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં ચૂંટણીને સમર્થન આપશે. ભાજપના સંસદીય બોર્ડે 14 ડિસેમ્બરે ઔપચારિક રીતે નીતિન નબીનને પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવાની ઘોષણા કરી, જેનાથી મહિનાઓથી ચાલી રહેલા સસ્પેન્સનનો અંત આવ્યો. કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા હાલમાં એક્સટેન્શન પર છે.નડ્ડાએ પણ તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના કાર્યકાળમાં થોડા મહિના માટે કાર્યકારી અધ્યક્ષ તરીકે સેવા આપી હતી, જે 2019 ની લોકસભા ચૂંટણી પછી કેન્દ્રીય ગૃહમંત્રી બન્યા હતા..

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# વંદે માતરમ્ શતાબ્દી - જેન-ઝી પેઢીને રાષ્ટ્રીય મૂલ્યો સાથે જોડનાર ભાવગીત

**અવારનવાર**
**ડો.નાનક ભટ્ટ**

> **એક રાષ્ટ્રગાનથી વિશેષ મા ભારતીને ખરા હૃદયથી વંદન એટલે વંદે માતરમ્, આઝાદીની અમૃતવેદી પર બલિદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓની શહીદી એટલે વંદે માતરમે રાષ્ટ્ર ગૌરવ અર્પતા અને ગુલામીની માનસિક્તાનો ધ્વંસ કરતાં પ્રતીકો એટલે વંદે માતરમ્**

વર્ષ ૧૯૦૫માં બંગભંગ ચળવળ દરમિયાન અંગ્રેજોએ વંદે માતરમનાં ગાન ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. છતાં ૧૯૦૬ માં બારીસાલમાં હજારો દેશભક્તોએ અંગ્રેજોના લાઠીચાર્જ વચ્ચે વંદે માતરમનો ગગનભેદી ગુંજારવ જાળવી રાખ્યો. તે સિંગાપુરમાં આઝાદ હિંદ ફોજ થકી રોયલ નેવીના ભારતીય નાવિકોએ ૧૯૪૬ માં બ્રિટીશ નેવી જહાજ પર ત્રિરંગો ફરકાવી વંદે માતરમને ભારતના સામુહિક અવાજ તરીકે પ્રસ્થાપિત કર્યો. મહર્ષિ અરવિંદ જેને “ભારતના પૂર્વજન્મનો મંત્ર’’ કહેતા. મહાત્મા ગાંધી “સૌથી નિરસ રક્તને જાગ્રત કરવાની જાદુઈ શકિત’’ કહેતાં તે વંદે માતરમ્ ૧૮૭૫માં બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયે સન્યાસીઓના જીવનની સંઘર્ષમય વાત કહેતી નવલકથા આનંદમઠમાં ભારતમાતાની સ્તુતિ તરીકે મૂકી છે. કાર્તિકી નોમના દિવસે જગધ્ધાત્રીની પૂજા માટે સનાતનની સભ્યતાના ગૂઢાર્થથી વ્યક્ત થતા અથર્વવેદનાં સ્રોત માતા પૃથ્વી હું તારો પુત્ર છું થી લઈ દેવી માહાત્મ્યમાં વિશ્વમાતાના આહ્વાન સુધીની સ્તુતિ આજે સ્વતંત્ર ભારતના પ્રાણ તરીકે ધબકાર લઈ રહ્યું છે.

સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના પ્રથમ આહ્વાન રૂપે કવિ બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયે વંદે માતરમમાં લખ્યું કે

(૧) હે મા (માતૃભૂમિ) તમને મારાં પ્રણામ. તમે જળથી પરિપૂર્ણ અને ફળથી પૂર્ણ છો. હિમશિખરથી વાતા પવન તમને શીતળતા અર્પે છે. તમે પાકની હરિયાળીથી ઢંકાયેલાં છો. તમારી રાત્રીઓ ચંદ્રથી શોભાયમાન અને ભૂમિ પુષ્પાચ્છાદિત વૃક્ષથી ઢંકાયેલી છે. સદૈવ સ્મિત કરનારી, મધુરભાષિણી, સખપ્રદાયિની, વરપ્રદાયિની એવી મા તમને મારાં પ્રણામ.

(૨) કરોડો કંઠ મધુર વાણી તમારી પ્રશંસા કરે છે. કરોડો ભુજાઓ ધારદાર ખડ્ગથી તમારી રક્ષા માટે તત્પર છે. કોણ કહે છે મા, કે તમે અબળા છો, તમે તો બળશાળી અને તારણહાર છો. તમે શત્રુદળ સંહારક છો. મા તમને મારાં પ્રણામ.

(૩) તમે જ વિદ્યા, તમે જ ધર્મ છો. તમે જ હૃદય, તમે જ તત્ત્વ છો. તમે જ દેહમાં સ્થિત પ્રાણ છો. અમારી ભુજાઓમાં રહેલી શક્તિ તમે જ છો. હૃદયમાં સ્થિત ભક્તિ તમે જ છો. તમારી જ પ્રતિમા દરેક મંદિરમાં પ્રતિષ્ઠિત છે. હે મા તમને મારાં પ્રણામ.

(૪) તમે જ દસ પ્રકારનાં અસ્ત્ર ધારણ કરનાર દુર્ગા છો. તમે જ કમળ પર વિરાજમાન લક્ષ્મી છો. તમે વાણી અને વિદ્યાપ્રદાયિની શારદા છો. તમને પ્રણામ. તમે ધન પ્રદાન કરનાર છો, તમે અતિ પવિત્ર છો, તમે અતુલ્ય છો, તમે જળ અને ફળ પ્રદાયિની છો. મા તમને મારાં પ્રણામ.

(૫) હે મા (માતૃભૂમિ) તમે શ્યામલ, અતિ સરળ, સદૈવ સ્મિત કરનાર છો. તમે ધારિણી અને પોષણ કરનારી છો. મા તમને મારાં પ્રણામ.

ઈતિહાસ નોંધે છે કે ગીત અને કલાની અભિવ્યક્તિ ક્યારેક જાહેર આકર્ષણ બની સામાજિક ચળવળનું સ્વરૂપ લેવા સશક્ત માધ્યમ બની જાય છે. એ પછી છત્રપતિ મહારાજનાં સોનાગાન હોય, અમેરિકી નિગ્રો કમ્યુનિટીએ સ્વીકારેલ વિશેલ ઓવર કમ કે પછી ભારતની આઝાદી સમયના સર્વોદય ગાન હોય અને સંગઠન ગીતો જ સમુદાયનું આત્મસન્માન અને ગઠનનું માધ્યમ બન્યાં છે. એક કવિના શાંત પરંતુ અટલ સંકલ્પનું સર્વસ્વીકૃત પ્રતીક બની શકે છે. કંઈક અંશે ભવિષ્યવાણી રૂપે પણ પ્રસ્થાપિત થયાં છે. સરદાર વલ્લભભાઈ પટેલ જેઓને આધુનિક ભારતના ઋષિ કહેતા તે બંકિમચન્દ્રે વંદે માતરમ્ થકી ભારતને એક ભૂમિના ટુકડાથી વિશેષ ભૂ-સંસ્કૃતિ તરીકે વિસ્તાર્યું છે, જેની એકતા તેની સનાતની સંસ્કૃતિ અને સભ્યતામાંથી આવે છે. એક તીર્થમય, બલિદાન ભૂમિ અને વિરાંગનાઓના પ્રતિભાવથી રાષ્ટ્રને જાગ્રત કરનાર બંકિમ બાબુએ લખ્યું છે “મને વાંધો નથી કે મારાં બધાં કાર્યો ગંગામાં ધોવાઈ જાય. ફક્ત આ શ્લોક કાયમ માટે જીવંત રહેશે તો તે એક મહાન ગીત તરીકે લોકહૃદયમાં પરિવર્તનને પ્રેરનાર બની રહેશે.’ ભાષા અને પ્રાદેશિક સીમાઓની પાર કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી આસામ સુધીની ભાષા અને બોલીમાં ઝીલાતું વંદે માતરમ્ બ્રિટીશ એપાયરને હચમચાવી નાખનાર તો રહ્યું જ પણ સ્વતંત્રતા પછી એક રાષ્ટ્ર અખંડ રાષ્ટ્રના સંકલ્પને પણ દૃઢ કરનાર રહ્યું છે. એક રાષ્ટ્રગાનથી વિશેષ મા ભારતીને ખરા હૃદયથી વંદન એટલે વંદે માતરમ્, આઝાદીની અમૃતવેદી પર બલિદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓની શહીદી એટલે વંદે માતરમે રાષ્ટ્ર ગૌરવ અર્પતા અને ગુલામીની માનસિક્તાનો ધ્વંસ કરતાં પ્રતીકો એટલે વંદે માતરમ્. દેશના ભવ્ય સાંસ્કૃતિક વારસા પ્રત્યે ૧૪૦ કરોડ દેશવાસીઓનો શ્રદ્ધાભાવ તે વંદે માતરમ્. ૮૦૦૦ વર્ષથી વિકસિત સાંસ્કૃતિક પરંપરાઓ માટે ગૌરવ તે વંદે માતરમ્. પ્રયાગરાજના મહાકુંભ કે રામમંત્ર મંદિર દ્વારા વ્યક્ત થતી નાગરિકોની સામુહિક ચેતના તે વંદે માતરમ્, રાષ્ટ્રના સામુહિક ભવિષ્ય માટે વ્યક્તિના કર્મઠ સંકલ્પો એટલે વંદે માતરમ્, પરસ્પરની સંસ્કૃતિમાં આસ્થા એ વંદે માતરમ્ બને છે ત્યારે ખ્યાલ રહે આવતાં ૧૫ વર્ષમાં એ.આઈ. સંચાલિત રોબર્ટ ટેક્નોલોજી સમગ્ર ભૂ-પટ ઉપર છવાઈ જશે ત્યારે પણ માનવીય શ્રદ્ધાનું બળ પ્રબળપણે વંદે માતરમ્ તરીકે પ્રભાવિત રહેવાનું છે.

ગોડ સેવ ધ ક્વીનના ગુલામી આદેશ સામે સ્વાતંત્ર્યનું નવચેતન વહેવડાવતું એક ભાવાત્મક ગાન જન-જનને જોડનાર વંદે માતરમ્ હતું. ૧૮૦૬ માં પશ્ચિમ બંગાળના ગામ બરીથામાં સરોજિની બોઝ અને બીજી અનેક સ્ત્રીઓ તેમ નાગપુરમાં શાળાનાં વિદ્યાર્થીઓએ વંદે માતરમ્ માટે થઈ અંગ્રેજના કોરડા સહ્યા. બાકસની પેઢી ઉપરથી લઈ દેશના ત્રિરંગા ઉપર લહેરાતા વંદે માતરમ્ એ બુલંદ અવાજે જયઘોષ કરતાં કહ્યું હે ભારતમાતા, તારી દિવ્ય પતાકાને વંદન હજો. વંદે માતરમ્ શતાબ્દીએ એક ભવ્ય ઈતિહાસના પુનઃજાગરણનો પ્રારંભ છે. સ્વદેશી અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો પ્રારંભ છે. છેવાડેના માણસના ખ્યાલમાં વંદેમાતરમ્ નવી પેઢી માટે ઊર્જાસ્રોત બની વહેતું રહેવાનું છે.

ગુલામી અને પછીથી સ્વાતંત્ર્યનાં ૧૫૦ વર્ષના કાળખંડમાં વંદે માતરમ્ એક રાષ્ટ્રગાનથી વિશેષ ભારતભૂમિને રાષ્ટ્ર તરીકે જોડનાર જન-જનની ભાવનાઓનું પ્રતીક રહ્યું છે ત્યારે તેને માત્ર રાષ્ટ્રભક્તિના પ્રતીકથી આગળ વધારી નવી પેઢીમાં જીવાતા રાષ્ટ્રીય મૂલ્યોના વિચાર તરીકે પ્રસ્થાપિત કરીએ. શાળા સ્તરે ગુલામીની માનસિક્તા તોડવાના કાર્યક્રમો તરીકે મૂકીએ જેથી સ્વતંત્રતાનાં શતાબ્દી વર્ષે ભારતનાં યુવાનો રાષ્ટ્રની ભવ્ય સંસ્કૃતિ અને વારસાના પથદર્શક બની તેને જાળવવા માટે પોતાની જવાબદારી મહેસૂસ કરે. રાષ્ટ્રભાવને વધુ વિશાળ અને મજબૂત કરવા પ્રતિબદ્ધ રહે. ભારતની નવી પેઢી સાંસ્કૃતિક વારસાને નવી ઊર્જા તરીકે સ્વીકારે તે વંદે માતરમ્ પર્વનું સાકાર સ્વરૂપ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સુરતમાં ધર્મ પરિવર્તનનું જાળ કાયદા સામે પડકાર

સુરત જિલ્લાના માંડવી તાલુકામાંથી બહાર આવેલ ધર્મ પરિવર્તન રેકેટ એક સમાજ અને બંધારણીય મૂલ્યો પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. ધર્મના આડમાં વર્ષોથી કાર્યરત આ સંગઠિત નેટવર્કે માત્ર કાયદાનો ભંગ જ કર્યો નહીં પરંતુ સમાજના સૌથી સંવેદનશીલ વર્ગ, આદિવાસી સમુદાયની શ્રદ્ધા, અજ્ઞાનતા અને લાચારીનો ખુલ્લેઆમ ઉપયોગ પણ કર્યો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે 2014 થી, “ધ પ્રે ફોર અવર લાસ્ટિંગ લાઈફ ચેરિટેબલ ટ્રસ્ટ” ના નામ હેઠળ વ્યવસ્થિત ધર્મ પરિવર્તન પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. આ કેસને વધુ ચિંતાજનક બનાવે છે તે સંડોવાયેલા લોકોની સામાજિક સ્થિતિ છે. એક શાળાના આચાર્ય, ત્રણ સરકારી શિક્ષકો, એક પાદરી અને એક ડૉક્ટર આ નેટવર્કનો ભાગ હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે સમાજ જેના પર વિશ્વાસ કરે છે તે લોકો તેને દગો આપે છે, ત્યારે તેની અસર દૂરગામી અને ઊંડી હોય છે. પોલીસે અત્યાર સુધીમાં 11 સભ્યોની ઓળખ કરી છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે આ કોઈ અલગ ઘટના નથી, પરંતુ એક સંગઠિત ગેંગનું કામ છે. સુરત અને આસપાસના વિસ્તારોમાં આ વધતો જતો ટ્રેન્ડ ગંભીર ચિંતાનો વિષય છે. જો આપણે આજે આંખ આડા કાન કરીશું, તો કાલે તે સમગ્ર સામાજિક માળખા માટે ઘાતક સાબિત થશે. આ કિસ્સો સભ્ય સમાજ પર એક ડાઘ છે, અને તેને નાબૂદ કરવા માટે સામૂહિક જવાબદારી લેવી જોઈએ.

**સુરત - કાંતિલાલ માંડોત**

## ગગનચૂંબી ઈમારતો, સુરત એરપોર્ટ અને ઓએનજીસી

હાલમાં જ ગુજરાતમિત્રમાં રાજ્ય સરકારની ૭૦ માળની બિલ્ડિંગની પોલિસી સુરત શહેરમાં કેમ અમલી બની શકતી નથી તે માટે એરપોર્ટ ઓથોરિટીને કારણ બતાવવામાં આવ્યા. તો સવાલ એ થાય કે ૭૦ માળનાં બિલ્ડિંગમાં ફાયદો કોને થશે. સૌ પ્રથમ બિલ્ડર લોબીને થશે અને તે એ રીતે કે હાલ જૂના થયેલા ૮ માળનાં બિલ્ડિંગમાં બિલ્ડરો રસ ધરાવી શકે એમ હાલની નીતિ પ્રમાણે નફાનું માર્જીન નહીવત રહે. પણ સિક્કાની બીજી બાજુ જોઈએ તો સાંકડા રસ્તા, વધુ ઉપરનાં માળો પર લાગી શકતી સંભવિત આગ અને તે ઠારવા માટેની અપૂરતી નીવડી શકતી અગ્નિશમન વ્યવસ્થા, પાણીની વધતી જરૂરિયાત અને તે માટે મહાનગર પાલિકાની સજ્જતા વધારવાની જરૂર, પાણીને ઓવરહેડ ટાંકીનાં મોટા કદની જરૂરિયાત, વધુ વીજળીની જરૂર, સોલર રૂફ્ટોપ્સ, ભૂગર્ભ જળનું હાલ જ થઈ રહેલું વધુ પડતું દોહન અને તેને કારણે જમીનનો આધાર નબળો પડતા જમીન બેસી જવાની કે ભૂકંપની શક્યતાઓમાં વધારો વગેરે. તેથી હાલ એરપોર્ટ સત્તાધીશોની રજામંદીની આડોડાઈ ભલે ખોટા હેતુથી આડખીલી બનતી હોય તો પણ ઉપરની શક્યતાઓ જોતા અમુક રીતે ફાયદારૂપ સાબિત થાય છે. એરપોર્ટનાં મોટા વિમાનો માટેનો જરૂરી લાંબો રનવે ONGCની સત્તાવાર આયુષ્ય ક્યારનું સમાપ્ત કરી ચૂકેલી પાઈપલાઈન સ્થાનાંતરિત કરાવી લોકોની સલામતી માટે પણ જરૂરી છે.

**નાનપુરા, સુરત - પિયુષ મહેતા**

## ભાર વિનાનું ભણતર

આ ઝડપથી ભાગતા શહેરની સવાર કંઈક આવી હોય છે- જ્યા મોર્નિંગ વોક પર નીકળેલા લોકોથી લઈને શાળાએ જતા ભૂલકાં નજરે પડે છે. ફૂલ જેવા આ બાળકોનાં ખભે એમની ક્ષમતાથી વધારે ભારી બેગ જોવા મળે છે. આ ભાર થોડો ઓછો કઈ રીતે કરવો એ વિચાર કરવો જરૂરી બનતો જાય છે. બાળકો માટે અભ્યાસ ખુબ જ જરૂરી છે પરંતુ સાથે સાથે એ પણ વિચારવું રહ્યુ કે એ એક નાનું બાળક છે, ખભે ઊંચકેલા એ બેગનાં ભારથી કરોડરજ્જુનાં મણકામાં થનારી બીમારી કાયફોસિસ થઈ શકે છે. આ સિવાય બીજી ઘણી સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ આવી શકે છે. એક સર્વે અનુસાર બાળકનાં વજનથી 10% સુધી એના બેગનું વજન હોવું જોઈએ. આ બાબતનું ધ્યાન શિક્ષણ સમિતિ તથા વાલીઓ એ રાખવું જોઈએ, તે ઉપરાંત પ્રકાશકોએ પાઠ્યપુસ્તકોનું વજન છાપવું જોઈએ, સ્કૂલબેગ વજનદારન બની રહે અને બાળકે ઓછાં પુસ્તકો લાવવાં પડે એટલા માટે શાળાએ એક જ વિષયના એકથી વધુ તાસ ભણાવવાના રહે તે પ્રમાણે ટાઈમ ટેબલનું આયોજન કરવુ જોઈએ. આમ આ ભાર ઘટે એ દિશામાં વિચારવાનું રહ્યું. બાળકોની પીઠ પર બોજો નહીં પણ ભવિષ્યનાં સપનાની પાંખ હોવી જોઈએ. આજનું આ બાળક કાલના દેશનું ભવિષ્ય છે.

**સુરત - કૃણાલ કંસારીવાલા**

## આઈન્સ્ટાઈનનો સંસ્કૃત ભાષા પ્રત્યેનો પ્રેમ

1948-49ના વર્ષમાં ડૉ. બી.એમ.ગુપ્તા નામનો એક યુવાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનને મળવા ગયો ત્યારે આઈન્સ્ટાઈનને કહ્યું કે મને સંસ્કૃતમાં આવકાર આપવા બદલ આભાર પણ તેનો પ્રત્યુતર સંસ્કૃતમાં આપવાની મારી ક્ષમતા નથી. ત્યારે આઈન્સ્ટાઈને આશ્ચર્ય સાથે તે યુવાનને કહ્યું કે તમે તો ભારતથી આવો છો જે હિન્દુ ફિલોસોફીનું મૂળ સ્થાન છે, છતાંય તમે સંસ્કૃત શીખવામાં રુચિ ન રાખી. આવો, તમને મારી લાઈબ્રેરી દેખાડું, જેમાં સંસ્કૃતના ઘણા શાસ્ત્રીય ગ્રંથો છે તથા ગીતા અને અન્ય હિન્દુ ફિલસૂફીના સંસ્કૃતમાં લખાયેલા ગ્રંથો છે. હમણાં જ તાજા સમાચાર મુજબ પાકિસ્તાનની લાહોર યુનિવર્સિટી ઓફ મેનેજમેન્ટમાં સંસ્કૃત શીખવાડવાનું શરૂ કર્યું છે. આ યુનિવર્સિટીના વર્ગખંડમાં મહાભારત તથા ગીતાના શ્લોકો સંસ્કૃતમાં શીખવવામાં આવશે. અહીં સંસ્કૃતના પુનરુત્થાન પાછળ વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષાના 3 માસના વર્કશોપને સુંદર પ્રતિસાદ આપ્યો છે. કર્ણાટકના મત્તુર અને હોસાહલ્લી ગામનાં લોકો તો સંસ્કૃતમાં જ વાતચીત કરે છે.

**યુ.એસ.એ - ડો. કિરીટ એન. ડુમસિયા**

## કૂતરાં કરડવાના બનાવોમાં વધારો

હાલમાં શિયાળો ચાલે છે ત્યારે કૂતરાં કરડવાના તથા રાત્રી દરમ્યાન ભોંકવાના બનાવો વધી જાય છે. એક તો શિયાળામાં ઠંડીમાં આરામથી ઊંઘતાં હોય અને અડધી રાત્રે જાણે બંને પક્ષો કૂતરા સામસામે ભોંકે તે પણ એક જાતનું પ્રદૂષણ છે. નાનાં છોકરાંઓને મોબાઈલની લતથી છોડાવવા માટે શેરી-મહોલ્લા સોસાયટી કે એપાર્ટમેન્ટમાં રમવા મોકલવામાં આવે છે તો છોકરાંઓને કૂતરાં કરડી જાય છે. આ પ્રશ્ન દરેક ગૃહિણીને સતાવે છે. હાલમાં દૈનિક પેપર દ્વારા જાણકારી પ્રાપ્ત થઈ કે દાહોદના ધુધરા ગામમાં હડકાયા કૂતરાંના આતંકના ભયથી રાત્રે ઘરોમાં ઘૂસી નિદ્રાધીન 22 બાળકો તથા મહિલાઓને બચકાં ભરી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં હતાં. ચોંકાવનારી વાત એમ છે કે કૂતરાએ મોટા ભાગનાં લોકોને મોં, ચહેરા અને હાથ જેવા શરીરના સંવેદનશીલ અંગો પર ગંભીર બચકાં ભરતાં ઊંડી ઈજાઓ પહોંચી હતી.

**સુરત - મહેશ આઈ. ડૉક્ટર**

## સમય ચક્ર રાજાને પણ ભિખારી બનાવી દયે!

સગાં દીઠાં મેં શાહ આલમનાં ભીખ માગતાં શેરીએ!(બહેરામજી મલબારી) “રાજા કો રંક બનાયે”! સમયનું ચક્ર ફરે છે, ભાગ્ય એક શ્રીમંત અને શક્તિશાળી વ્યક્તિને ગરીબમાં ફેરવી શકે છે અને તેનાથી વિપરીત. તે સૂચવે છે કે વ્યક્તિએ પોતાની સારી સ્થિતિ પર ગર્વ ન કરવો જોઈએ, કારણ કે પરિસ્થિતિઓ ગમે ત્યારે બદલાઈ શકે છે માટે હંમેશા નમ્ર રહેવું જોઈએ! સમય પરિવર્તનશીલ છે. આજે એક રાજા કાલે ગરીબ બની શકે છે અને આજનો એક ગરીબ સખત મહેનત અથવા નસીબ દ્વારા રાજા બની શકે છે! વર્તમાન સફળતા અથવા શક્તિ પર ગર્વ ન કરીએ, કારણ કે સમયનો વળાંક ગમે ત્યારે સ્થિતિ બદલી શકે છે! ખેર, ઈતિહાસમાં એવા ઘણા ઉદાહરણો છે જ્યાં શક્તિશાળી રાજાઓ અથવા શ્રીમંત લોકોએ ખોટા નિર્ણયો, ખરાબ નસીબ અથવા બદલાતા સંજોગોને કારણે બધું ગુમાવ્યું અને ગરીબ બન્યા, જ્યારે ઘણા ગરીબ લોકોએ તકોનો લાભ લીધો અને શ્રીમંત બન્યા! અત્રે જીવનની અસ્થિરતા અને નસીબના ઉતાર-ચઢાવને પ્રતિબિંબિત કરે છે, એ વાસ્તે નમ્ર રહેવાનું અને દરેક પરિસ્થિતિનું આદર કરવાનું હોય!એ માટે “સમય બડો બળવાન અને એક વિચિત્ર રમત પણ છે!

**ગોપીપુરા, સુરત- સુનીલ રાજેન્દ્ર બર્મન**